www.xtrapapers.com

# Wednesday 11 June 2014 – Morning

## A2 GCE GUJARATI

**F884/01** Listening, Reading and Writing 2

Candidates answer on the Question Paper.

**OCR supplied materials:**
- Special Sheet (inserted)
- CD

**Other materials required:**
None

**Duration:** 2 hours 45 minutes

| Candidate forename | | Candidate surname | |
|---|---|---|---|

| Centre number | | | | | | Candidate number | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|

## INSTRUCTIONS TO CANDIDATES

- The Insert will be found inside this document.
- Write your name, centre number and candidate number in the boxes above. Please write clearly and in capital letters.
- Use black ink.
- Read each question carefully. Make sure you know what you have to do before starting your answer.
- Write your answer to each question in the space provided. Additional paper may be used if necessary but you must clearly show your candidate number, centre number and question number(s).
- Answer **all** the questions in Section A and B and **one** question in Section C.
- Do **not** write in the bar codes.

## INFORMATION FOR CANDIDATES

- The number of marks is given in brackets **[ ]** at the end of each question or part question.
- The total number of marks for this paper is **160**.
- There are three sections in this paper.
  **SECTION A: 38 Marks Listening and Writing**
  **SECTION B: 77 Marks Reading and Writing**
  **SECTION C: 45 Marks Writing**
- Dictionaries are **not** allowed.
- This document consists of **20** pages. Any blank pages are indicated.

© OCR 2014 [K/500/8404]
DC (SJF) 79245/5 OCR is an exempt Charity

**Turn over**

www.xtrapapers.com



## SECTION A: Listening and Writing

*Recommended time for Section A: 30 minutes*

**Task 1: Listening**

**NUCLEAR ENERGY**

**Listen to the recording and answer the following questions IN ENGLISH.** **[6 marks]**

**(a)** Why are many countries, including India, turning to nuclear power to produce electricity?

................................................................................................................................ **[1]**

**(b)** What other uses are there for nuclear power?

................................................................................................................................ **[1]**

**(c)** Why did the Government of India have to declare their nuclear plants safe?

................................................................................................................................ **[1]**

**(d)** How might people living near the plants be affected by a leakage?

**(i)** ................................................................................................................................ **[1]**

**(ii)** ................................................................................................................................ **[1]**

**(e)** What environmental damage could toxic rays cause?

................................................................................................................................ **[1]**

© OCR 2014

www.xtrapapers.com



**સવાલ ૨ : શ્રવણ**

**વાર્તા સાંભળીને નીચે આપેલા સવાલોના જવાબ ગુજરાતીમાં લખો.**

**[૨૨ ગુણ વાચનબોધ માટે અને ૧૦ ગુણ ભાષાની ગુણવત્તા માટે]**

**(ક)** નિવૃત્તિ પહેલાં સુધાબહેનનો વ્યવસાય કયો હતો?

.................................................................................................................. **[૧]**

**(ખ)** સુધાબહેનને એકલવાયું શા માટે નહોતું લાગતું?

**(૧)** ........................................................................................................... **[૧]**

**(૨)** ........................................................................................................... **[૧]**

**(૩)** ........................................................................................................... **[૧]**

**(ગ)** ગામના લોકો કઈ કઈ રીતે તેમને મદદ કરતા?

**(૧)** ........................................................................................................... **[૧]**

**(૨)** ........................................................................................................... **[૧]**

**(ઘ)** સુધાબહેન કઈ કઈ રીતે ગામના સમાજમાં તેમનો ફાળો આપતા?

**(૧)** ........................................................................................................... **[૧]**

**(૨)** ........................................................................................................... **[૧]**

**(ચ)** તેમના દીકરા સંજયે કઈ બાબતે કુટુંબના રિવાજનો અનાદર કર્યો હતો?

.................................................................................................................. **[૧]**

**(છ)** સુધાબહેન યુ.કે.માં રહેવા આવવા માટે કેમ અચકાતા હતા?

**(૧)** ........................................................................................................... **[૧]**

**(૨)** ........................................................................................................... **[૧]**

**(જ)** સુધાબહેને જુલીની વિનંતીને શા માટે માન આપ્યું?

.................................................................................................................. **[૧]**

© OCR 2014

www.xtrapapers.com



(ઝ) સંજયના ઘરના બારણે પહોંચતાં જ તેમનું દિલ શા માટે હર્ષથી ઉભરાઈ ગયું?

(૧) ........................................................................................................................[૧]

(૨) ........................................................................................................................[૧]

(૩) ........................................................................................................................[૧]

(ટ) તેનાં માતા આરામથી રહી શકે તે માટે સંજયે શું પગલાં લીધેલાં હતાં?

........................................................................................................................[૧]

(ઠ) સંજયના કયા વર્તનથી સુધાબહેન ખુશ રહેતા?

........................................................................................................................[૧]

(ડ) સુધાબહેન અને જુલી કઈ રીતે એકબીજાને ઉપયોગી થતાં?

(૧) ........................................................................................................................[૧]

(૨) ........................................................................................................................[૧]

(ઢ) જુલીનું ગુજરાતી બોલવાનું કેવી રીતે સુધર્યું?

........................................................................................................................[૧]

(ણ) સુધાબહેનની ભારતની યાદ શા માટે ઓછી થવા લાગી?

........................................................................................................................[૧]

(ત) સ્થાનિક લોકોની ભારતીય જીવન વિશે સમજ વધારવા સુધાબહેન શું કરે છે?

........................................................................................................................[૧]

© OCR 2014

www.xtrapapers.com



## SECTION B: Reading and Writing

*Recommended time for Section B: 1 hour and 15 minutes*

**In Section B there are 10 marks for the Quality of Language.**

**સવાલ ૩ થી ૭**

**સવાલ ૩ થી ૭માં બધા જ સવાલો એક જ લેખ "ભારત દેશ" પર આધારિત છે.**

**નીચેનો લેખ વાંચો.**

**તમારું કામ સહેલું કરવા માટે નીચેના લેખની નકલ 'ઇન્સર્ટ શીટ' પર આપી છે.**

### ભારત દેશ

૧ વેદકથાઓ પ્રમાણે ભારત ધનદોલત અને પુરાણી સંસ્કૃતિથી સમૃદ્ધ દેશ હતો. રામના રાજ્યકાળમાં ભારતના દરેક સ્તરના લોકો સાથે ન્યાયપૂર્ણ વ્યવહાર થતો. ભારતમાં આજે પણ રામનાં પત્ની સીતાજીનું એક પતિવ્રતા સ્ત્રી તરીકે સન્માન થાય છે. કૃષ્ણ સમજાવી ગયા છે કે સૌએ ફળની ચિંતા કર્યા વગર પોતાના કર્તવ્ય પ્રમાણે કામ કરવું જોઈએ. ભારતના લોકો પુરાણી કથાઓમાં આવતાં જીવનચરિત્રોમાંથી પ્રેરણા મેળવીને ઉત્તમ જીવન જીવવાનો પ્રયત્ન કરે છે.

૨ મહાવીરે કુદરતનું રક્ષણ કરવાનું અને તેને હાનિ ન પહોંચે તેની કાળજી રાખવાનું કહ્યું હતું. એકવીસમી સદીમાં આપણે મહાવીરની આ શિખામણનું પાલન કરીને બગાડ ઓછો કરવાનો પ્રયત્ન કરીએ છીએ. મહાવીર અને ગૌતમ બુદ્ધે દેશના લોકો માટે જ્ઞાનની ગંગા વહાવી હતી જેને કારણે ભારતમાં અધ્યાત્મનો વિકાસ થયો. આજે કેટલાય પરદેશી લોકો યોગ, અધ્યાત્મ અને આયુર્વેદ શીખવા માટે ભારતના આશ્રમોમાં જઈને રહે છે.

3 રેશમ, રત્નો અને મરીમસાલાના ખજાનાથી ભરેલા ભારત દેશમાં ઘણાં વિદેશીઓને રસ હતો. પર્વતો, સમુદ્રો અને રણ પ્રદેશ ભારતને ચારે દિશાએથી રક્ષણ આપતાં હોવા છતાં આસપાસના લોકો દેશની જાહોજલાલી લૂંટતા રહ્યા. મુગલ રાજાઓએ ઘણાં વર્ષો સુધી ભારત પર રાજ કર્યું અને તે સૌમાં સમ્રાટ અકબરનું નામ ભારતના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાયેલું છે. પશ્ચિમનાં રાજ્યોએ પણ ભારત પર કબજો જમાવવા પ્રયત્નો કર્યા જેને પરિણામે વર્ષો સુધી ભારત બ્રિટિશ સામ્રાજ્યનો એક ભાગ બની રહ્યું.

૪ ભારતના વીર સ્ત્રીપુરુષોએ લગભગ સો વર્ષની હિંસક અને અહિંસક લડાઈ કર્યા પછી ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ને દિવસે દેશ સ્વતંત્ર થયો. પાડોશી દેશો હજુ પણ ભારત પર આક્રમણો કરતા રહે છે છતાં દેશ પ્રગતિ કરતો રહ્યો છે. આજે આર્થિક રીતે ભારત આખી દુનિયામાં એક આગળ પડતો દેશ ગણાય છે અને ભારતની લોકશાહી દુનિયામાં સૌથી મોટી ગણાય છે. ભારતમાં અનેક ધર્મના લોકો એકબીજાના ધર્મ પ્રત્યે સમભાવ રાખે છે તેથી તેમની વચ્ચે મિત્રતાના ભાવ રહે છે. વિદેશી રાજાઓ ભારતમાં પોતપોતાની સંસ્કૃતિ લઈને આવ્યા હતા જેને કારણે ભારતની સમૃદ્ધિ વધી છે. આજે પણ લોકોના રીતરિવાજોમાં અને દેશની કળાકારીગરીમાં પરદેશી પ્રભાવ જોવા મળે છે. દેશના લોકોને તેમના વ્યવહારો ચલાવવા લાંચ – રિશ્વતની સહાય લેવી પડે છે, તેમ છતાં ભારતની ઝૂંપડપટ્ટીઓમાં રહેનારા પણ માનસિક સ્વસ્થતા ધરાવે છે. ભારતમાં પૈસેટકે સંપન્ન ન હોય એવા લોકો પણ નાનો સરખો ઉદ્યોગ કરીને પેટ પૂરતું કમાઈ લે છે.

© OCR 2014

www.xtrapapers.com



સવાલ ૩

ફકરો પહેલો

**નીચે આપેલાં અધૂરાં વાક્યો વાંચો.** **[૬ ગુણ]**

| |
|---|
| ૧. … અન્યાય ન થાય તેની કાળજી લેવાતી. |
| ૨. … જૂની સભ્યતા પણ હતી. |
| ૩. … સીતાજીનું સ્થાન ઊંચું છે. |
| ૪. … રામ પ્રત્યે ભક્તિભાવ છે. |
| ૫. … એક ધનિક દેશ હતો. |
| ૬. … આપણી જવાબદારી નિભાવવી જોઈએ. |
| ૭. … સજા કરવામાં ન આવતી. |
| ૮. … સારું જીવન જીવવા પ્રોત્સાહિત કરે છે. |
| ૯. … દેશના લોકો ખેતી કરતા. |
| ૧૦. … કરોડો લોકો વસતા હતા. |
| ૧૧. … કર્મ બંધનની ચિંતા કરવી જોઈએ. |
| ૧૨. … હંમેશાં સત્ય બોલવાનું કહે છે. |

**નીચે આપેલાં દરેક અધૂરા વાક્યને ફકરા પ્રમાણે પૂરું કરવા ઉપરના કોષ્ટકમાંથી યોગ્ય અર્ધવાક્ય શોધી તેનો નંબર ખાનામાં લખો.**

**(ક)** વેદની વાર્તાઓ કહે છે કે ભારત … [ ]

**(ખ)** તે વખતે ભારતમાં … [ ]

**(ગ)** રામના રાજ્યકાળમાં કોઈને … [ ]

**(ઘ)** ભારતના લોકોમાં … [ ]

**(ચ)** કૃષ્ણએ કહ્યું કે આપણે સૌએ … [ ]

**(છ)** પુરાણી વાર્તાઓના પાત્રો લોકોને … [ ]

© OCR 2014

www.xtrapapers.com



સવાલ ૪

ફકરો પહેલો

**નીચે શબ્દો આપ્યા છે તેના સમાન અર્થવાળા શબ્દો પહેલા ફકરામાંથી શોધીને લખો.** **[૯ ગુણ]**

**(ક)** માલમિલકત ......................... **[૧]**

**(ખ)** ધોરણના .......................... **[૧]**

**(ગ)** નારી ........................... **[૧]**

**(ઘ)** બધાએ ............................ **[૧]**

**(ચ)** ફિકર ............................ **[૧]**

**(છ)** મુજબ ............................ **[૧]**

**(જ)** સારું ............................ **[૧]**

**(ઝ)** જિંદગી ............................ **[૧]**

**(ટ)** કોશિશ ............................ **[૧]**

© OCR 2014

www.xtrapapers.com



**સવાલ ૫**

**ફકરો બીજો**

**એક અથવા એકથી વધારે શબ્દો વડે લેખના અર્થ પ્રમાણે ખાલી જગ્યા પૂરો.** **[૫ ગુણ]**

મહાવીરે કહ્યું હતું કે આપણે પ્રકૃતિની રખેવાળી **(ક)** .................................... અને તેને કોઈ પણ જાતનું

**(ખ)** .................................... પહોંચાડવું જોઈએ. એમના **(ગ)**.................................... આપણે અત્યારે બગાડ

અટકાવવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ. મહાવીર અને ગૌતમ બુદ્ધ, એ બન્ને મહાત્માઓએ ભારતના લોકોને

અધ્યાત્મનું **(ઘ)** .................................... ઘણા પરદેશી લોકો ભારતના આશ્રમોમાં અનેક

**(ચ)** .................................... આવે છે.

**સવાલ ૬**

**ફકરો ત્રીજો**

**નીચેનાં વાક્યોને લેખ પ્રમાણે પૂરાં કરો.** **[૫ ગુણ]**

**(ક)** બીજા દેશના લોકોને ભારતની .................................. . **[૧]**

**(ખ)** ભારતને ચારે તરફથી ભૌગોલિક ...................................... . **[૧]**

**(ગ)** ભારતના પાડોશી દેશો ભારત દેશમાં ...................................... . **[૧]**

**(ઘ)** ભારતના લોકો સમ્રાટ અકબરને...................................... . **[૧]**

**(ચ)** બ્રિટને ઘણાં વર્ષો સુધી ભારત દેશ ...................................... . **[૧]**

© OCR 2014

www.xtrapapers.com



સવાલ ૭

ફકરો ચોથો

**નીચે આપેલા સવાલોના જવાબ <u>ગુજરાતીમાં</u> લખો. શક્ય હોય ત્યાં સુધી <u>તમારા પોતાના શબ્દોમાં</u> જવાબ આપો.**

**[૧૦ ગુણ]**

**(ક)** ભારતના લોકો દેશની સ્વતંત્રતા માટે લાંબા સમય સુધી લડયા હતા તેમ શા માટે કહી શકાય?

........................................................................................................................ **[૧]**

**(ખ)** અત્યારે ભારત દેશને કઈ મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે?

........................................................................................................................ **[૧]**

**(ગ)** અત્યારે જગતમાં ભારતની નામના કયા ક્યા કારણે વધી છે?

........................................................................................................................

........................................................................................................................ **[૨]**

**(ઘ)** ભારતમાં જુદી જુદી આસ્થા ધરાવતા લોકો વચ્ચે શા માટે દોસ્તીભર્યો વ્યવહાર જોવા મળે છે?

........................................................................................................................ **[૧]**

**(ચ)** (૧) આધુનિક સમયે ભારતમાં કયા કયા ક્ષેત્રોમાં આપણને બીજા દેશોની અસરો દેખાય છે?

........................................................................................................................ **[૧]**

(૨) આનું કારણ શું છે?

........................................................................................................................ **[૧]**

**(છ)** ફકરા પ્રમાણે ભારતીય લોકોના જીવનમાં આપણને ક્યો વિરોધાભાસ જોવા મળે છે?

........................................................................................................................

........................................................................................................................ **[૨]**

**(જ)** આર્થિક રીતે ગરીબ હોય તેવા ભારતીય લોકો પણ મહેનતુ હોય છે તેમ શાના પરથી કહી શકાય?

........................................................................................................................ **[૧]**

© OCR 2014

www.xtrapapers.com



સવાલ ૮ થી ૧૧

**સવાલ ૮ થી ૧૧માં બધા જ સવાલો એક જ લેખ "યુ.કે.ની નેશનલ હેલ્થ સર્વિસ" પર આધારિત છે.**

**નીચે આપેલો લેખ વાંચો.**

**તમારું કામ સહેલું કરવા માટે નીચેના લેખની નકલ 'ઇન્સર્ટ શીટ' પર આપી છે.**

**યુ.કે.ની નેશનલ હેલ્થ સર્વિસ**

૧ આપણે જેને યુ.કે.ની નેશનલ હેલ્થ સર્વિસ તરીકે ઓળખીએ છીએ તેનો આરંભ લગભગ સિત્તેર વર્ષ પહેલાં થયો. તે પહેલાં ઘણી તબિબિ સેવાઓ માટે પૈસા આપવા પડતા તેથી લોકો બીમાર હોય તો પણ ડોક્ટરો પાસે જવાનું ટાળતા. નેશનલ હેલ્થની શરૂઆત પછી ડોક્ટરો, નર્સો, વગેરે એક છત્ર નીચે કામ કરવાં લાગ્યાં અને દર્દીઓને જરૂર પ્રમાણે મફત સારવાર મળવા લાગી.

૨ મંદીના વાતાવરણમાં નેશનલ હેલ્થને મળતા ભંડોળમાં કાપ મૂકવામાં આવે છે તેની અસર સેવાઓ ઉપર પણ પડે છે અને પ્રચાર માધ્યમો ઘણી વખત નકારાત્મક માહિતી આપીને લોકોમાં ચિંતા ફેલાવે છે. તેમ છતાં જે લોકોએ તેનાં દવાખાનાં કે હોસ્પિટલોમાં સારવાર લીધી છે તેઓ જાણે છે કે દુનિયામાં બીજે ક્યાંય આવી સેવા મળવી મુશ્કેલ છે.

3 યુ.કે.ના ભારતીય વૃદ્ધો <u>મુખ્યત્વે</u> ભારત અને પૂર્વ આફ્રિકાથી આવે છે અને તેઓ જાણે છે કે ભારતમાં અને આફ્રિકામાં <u>બીમારીવાળાં ઘરો</u> ડોક્ટરોનાં અને હોસ્પિટલોનાં બીલ ભરી ભરીને <u>ખાલી થઈ જતાં.</u> તેવાં ઘરોના સભ્યોને <u>જ્ઞાતિના વડા</u> પાસે <u>હાથ લાંબો કરવો પડતો.</u> જ્યારે અહીંની નેશનલ હેલ્થ સર્વિસમાં નહિ ડોક્ટરની ફી, નહિ હોસ્પિટલની ફી અને અમુક લોકો માટે તો દવાના પૈસા પણ નહિ. હા, ખાનગી સારવાર લો તો <u>ઢગલો નાણાં આપવાં પડે.</u>

૪ નેશનલ હેલ્થ સર્વિસના કાર્યકરો ભારતીય સંસ્થાઓમાં જઈને તેમની પોતાની ભાષામાં ભારતીય લોકોમાં સામાન્ય હોય એવા રોગો વિશે જાગૃતિ લાવવા પ્રયત્નો કરે છે. પ્રચાર માધ્યમોની અસરને કારણે યુ.કે.માં જન્મેલા કેટલાક ભારતીય યુવાનો નેશનલ હેલ્થ સર્વિસની નિંદા કરતા હોય છે. હોસ્પિટલમાં દાખલ થતા અમુક ભારતીય વૃદ્ધોને ભાષાની મુશ્કેલીને કારણે, તેમની ખાવાપીવાની રીતભાતને કારણે અથવા ભેદભાવને કારણે ક્યારેક અગવડ પડતી હશે પણ એકંદરે તો આટલાં કામની વચ્ચે પણ પ્રેમથી સેવા કરતી નર્સો અને ગંભીર બીમારી વખતે પથારીની આસપાસ ફરતા ડોક્ટરો તેમના મનમાં નેશનલ હેલ્થ સર્વિસ માટે સારી છાપ ઊપસાવે છે. વળી આ હોસ્પિટલોમાં અદ્યતન સાધનો હોય છે એટલે ખાનગી સેવાઓ આપતાં ડોક્ટરો પણ તેમનાં દર્દીઓની શસ્ત્રક્રિયા અહીં કરાવે છે.

© OCR 2014

www.xtrapapers.com



**Task 8: Transfer of meaning**

**Paragraph one**

**Transfer into ENGLISH the meaning of the first paragraph from** ‘આપણે જેને યુ.કે.ની નેશનલ હેલ્થ સર્વિસ’ **to** ‘મફત સારવાર મળવા લાગી.’

**Marks are awarded for accurate transfer of meaning and the quality of your written English.**
**[10 marks]**

.....................................................................................................................................
.....................................................................................................................................
.....................................................................................................................................
.....................................................................................................................................
.....................................................................................................................................
.....................................................................................................................................
.....................................................................................................................................
.....................................................................................................................................
.....................................................................................................................................
.....................................................................................................................................
.....................................................................................................................................
.....................................................................................................................................
.....................................................................................................................................
.....................................................................................................................................
.....................................................................................................................................
.....................................................................................................................................
.....................................................................................................................................
.....................................................................................................................................
.....................................................................................................................................
.....................................................................................................................................

© OCR 2014

www.xtrapapers.com



**સવાલ ૯**

**ફકરો બીજો**

**ખાલી જગ્યાઓને લેખ પ્રમાણે પૂરવા તમારા પોતાના એક અથવા વધારે શબ્દો લખો.** **[૬ ગુણ]**

યુ.કે.ની આર્થિક પરિસ્થિતિ **(ક)** ............................ **[૧]** નેશનલ હેલ્થની સેવાઓમાં કાપ મૂકવાની

**(ખ)** ........................ **[૧]** અને તેથી કેટલીક સેવાઓ પહેલાં **(ગ)**............................ **[૧]** નથી અને

છાપાં, ટી.વી., રેડિયો, વગેરે લોકોમાં ચિંતાજનક **(ઘ)**........................... **[૧]** છે. પણ જે લોકોને નેશનલ

હેલ્થની અન્ય સેવાઓનો **(ચ)** ............................ **[૧]** તેઓના મનમાં તો દુનિયામાં બીજે ક્યાંય આવી સેવા

મળી શકતી હશે કે કેમ તે બાબતે (છ) ......................... **[૧]**

© OCR 2014

www.xtrapapers.com



**સવાલ ૧૦**

**ફકરો ત્રીજો**

**નીચે આપેલા શબ્દો / શબ્દસમૂહો લેખમાં લીટી દોરીને બતાવવામાં આવ્યા છે. દરેકનો અર્થ તમારા પોતાના શબ્દોમાં ગુજરાતીમાં સમજાવો.** **[૬ ગુણ]**

**(ક)** મુખ્યત્વે

.............................................................................................................................................

.............................................................................................................................................**[૧]**

**(ખ)** બીમારીવાળાં ઘરો

.............................................................................................................................................

.............................................................................................................................................**[૧]**

**(ગ)** ખાલી થઈ જતાં

.............................................................................................................................................

.............................................................................................................................................**[૧]**

**(ઘ)** જ્ઞાતિના વડા

.............................................................................................................................................

.............................................................................................................................................**[૧]**

**(ચ)** હાથ લાંબો કરવો પડતો

.............................................................................................................................................

.............................................................................................................................................**[૧]**

**(છ)** ઢગલો નાણાં આપવાં પડે.

.............................................................................................................................................

www.xtrapapers.com



**સવાલ ૧૧**

**ફકરો ચોથો**

**નીચે આપેલા સવાલોના જવાબ ગુજરાતીમાં લખો. શક્ય હોય ત્યાં સુધી તમારા પોતાના શબ્દોમાં જવાબ આપો.**

**[૧૦ ગુણ]**

**(ક)** નેશનલ હેલ્થ સર્વિસ ભારતીય લોકોને કેવી રીતે મદદરૂપ થાય છે?

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................**[3]**

**(ખ)** પહેલેથી યુ.કે.માં જ રહેતા કેટલાક ભારતીય યુવાનો શા માટે નેશનલ હેલ્થ સર્વિસને વગોવે છે?

..........................................................................................................................**[૧]**

**(ગ)** અમુક ભારતીય લોકોને હોસ્પિટલમાં કઈ કઈ બાબતે મુશ્કેલી નડી શકે એવી શક્યતા છે?

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................**[3]**

**(ઘ)** કઈ કઈ બાબતોને કારણે ભારતીય દર્દીઓ નેશનલ હેલ્થ સર્વિસથી સારી રીતે પ્રભાવિત થાય છે?

..........................................................................................................................

..........................................................................................................................**[૨]**

**(ચ)** ખાનગી તબીબી ક્ષેત્ર પણ નેશનલ હેલ્થ સર્વિસની હોસ્પિટલો માટે ઉચ્ચ અભિપ્રાય ધરાવે છે તેમ શાથી કહી શકાય?

..........................................................................................................................**[૧]**

© OCR 2014

www.xtrapapers.com



BLANK PAGE

PLEASE DO NOT WRITE ON THIS PAGE

© OCR 2014

www.xtrapapers.com



## SECTION C: Writing

*Recommended time for Section C: 1 hour*

**નીચેના સવાલોમાંથી એક ચૂંટો. ગુજરાતીમાં એક નિબંધ લખો. તમારે ઓછામાં ઓછા ૨૫૦ શબ્દો લખવા જોઈએ. તમે ૪૦૦થી વધારે શબ્દો ન લખો તેવી ભલામણ અમે કરીએ છીએ.**

**તમે તમારા નિબંધમાં જે દાખલા અને માહિતી આપો તે કોઈ પણ દેશમાં વસતા ગુજરાતી ભાષા બોલતા સમાજને જ લગતા હોવા જોઈએ.**

**સવાલો ખાસ પાના પર પણ છાપેલા છે.**

**સવાલ ૧૨ સમાજ: એકતા અને અલગતા**

“ધર્મ આપણને શાંતિપૂર્વક જીવવાનું શીખવે છે તેમ છતાં ભારતમાં ધર્મને નામે લોકો વચ્ચે લડાઈઓ થતી રહે છે.” તમે આ નિવેદન સાથે સહમત થાઓ છો? આને વિશે ભારતમાં થતા ઝઘડાઓના દાખલા આપીને તમારા અભિપ્રાયોનું સમર્થન કરો.

**સવાલ ૧૩ સમાજ: કાયદો અને સુરક્ષા**

તમારા સમાજ માટે એક લેખ લખો. લેખમાં ગુજરાતી લોકોને વધારે સંખ્યામાં પોલિસતંત્રમાં જોડાવા પ્રોત્સાહન આપો અને તેમ કરવાથી સામાજને કયા કયા લાભ થશે તે સમજાવો.

**સવાલ ૧૪ પર્યાવરણ: વ્યક્તિ અને પર્યાવરણ**

“લોકો કુદરતના રક્ષણની ફક્ત વાતો જ કરે છે. ખરેખર તો ભારતની દરેક વ્યક્તિ એશઆરામની વસ્તુઓનો વિવેકપૂર્વક ઉપયોગ કરે તો આપોઆપ કુદરતી દુનિયાનું રક્ષણ થતું રહેશે.”
તમે આ નિવેદન સાથે સહમત થાઓ છો? દાખલા આપીને તમારા અભિપ્રાયનું સમર્થન કરો.

**સવાલ ૧૫ પર્યાવરણ: ઊર્જા વ્યવસ્થા**

તમારા સમાજના સામયિક માટે ભારત અને ઊર્જા વ્યવસ્થા સંબંધિત એક લેખ લખો. લેખમાં, ભારતમાં વપરાતી પુન:સર્જિત ઊર્જા વિશે કહો અને ભારત એક દેશ તરીકે આવી ઊર્જાના વપરાશ સંબંધે બીજું શું શું કરી શકે એ વિશે સૂચનો આપો અને તેનાથી થતા ફાયદા વિશે લખો.

© OCR 2014

www.xtrapapers.com



**સવાલ ૧૬ વિજ્ઞાન અને ટેકનોલોજી: ટેકનોલોજી**

“ગુજરાતી લોકોને એકબીજા સાથે હળવામળવાનું ખૂબ ગમે છે પણ ટેકનોલોજીના વિકાસને કારણે તેઓ પણ અતડા થતા જાય છે.”
તમે આ નિવેદન સાથે સહમત થાઓ છો? ટેલિવિઝન, ઇન્ટરનેટ, સ્માર્ટ ફોન વગેરેને કારણે એકબીજા સાથેના સંબંધો પર થતી અસરને ધ્યાનમાં રાખીને તમારા અભિપ્રાયો આપો. “

**સવાલ ૧૭ વિજ્ઞાન અને ટેકનોલોજી: વૈજ્ઞાનિક વિકાસ**

“ભારતમાં વિજ્ઞાનનો વિકાસ” - એ વિષય પર તમે તમારી નિશાળના સામયિક માટે એક લેખ લખો છો. તમારા લેખની અંદર ભારતમાં ગણિત, વિજ્ઞાન કે ઈજનેરી જેવા વિષયોમાં પ્રાચીન સમયથી આજ સુધી થયેલા કેટલાક વિકાસોનું વર્ણન કરીને તેનાથી દુનિયાને થઈ રહેલા લાભો વિશે લખો.

**સવાલ ૧૮ સંસ્કૃતિ: સાહિત્ય અને કળા**

“યુ.કે.ના ગુજરાતી લોકો તેમના ઘરોમાં પશ્ચિમી રાચરચીલું વસાવે છે પણ ઘરના શણગાર માટે તો તેઓ ભારતીય કળાકારીગરીની વસ્તુઓ જ વાપરે છે.”
તમે આ વાત સાથે સહમત થાઓ છો? તમારાં કારણો આપો.

**સવાલ ૧૯ સંસ્કૃતિ: ઈતિહાસ અને વારસો**

તમારી ગુજરાતી નિશાળમાં તમે “ગુજરાતી સમાજને પ્રેરણા આપનાર એક વ્યક્તિ” વિષય પર એક પ્રવચન આપવાના છો. તમારા પ્રવચન માટે એ વ્યક્તિ કઈ રીતે પ્રભાવશાળી રહી છે અને તેણે ગુજરાતી સમાજને વારસામાં શું આપ્યું છે તેની વાત કરો.

**[Relevance and point of view: 10 marks]**
**[Structure and Analysis: 15 marks]**
**[Quality of Language: 20 marks]**

© OCR 2014

www.xtrapapers.com



**For candidates use: Question no.**

© OCR 2014

www.xtrapapers.com



**For candidates use: Question no.**

© OCR 2014

www.xtrapapers.com



**PLEASE DO NOT WRITE ON THIS PAGE**

**Copyright Information**

OCR is committed to seeking permission to reproduce all third-party content that it uses in its assessment materials. OCR has attempted to identify and contact all copyright holders whose work is used in this paper. To avoid the issue of disclosure of answer-related information to candidates, all copyright acknowledgements are reproduced in the OCR Copyright Acknowledgements Booklet. This is produced for each series of examinations and is freely available to download from our public website (www.ocr.org.uk) after the live examination series.

If OCR has unwittingly failed to correctly acknowledge or clear any third-party content in this assessment material, OCR will be happy to correct its mistake at the earliest possible opportunity.

For queries or further information please contact the Copyright Team, First Floor, 9 Hills Road, Cambridge CB2 1GE.

OCR is part of the Cambridge Assessment Group; Cambridge Assessment is the brand name of University of Cambridge Local Examinations Syndicate (UCLES), which is itself a department of the University of Cambridge.

© OCR 2014